**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૧૩/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઘણા આઇડીયામાંથી કોઇ એક આઇડીયાને આપણે ગમી જતા હોઇએ છીએ, એ મળી જાય અને એના પર જ ફોકસ કરીને આગળ વધીએ તો સફળતા મળે

## ચેમ્બર દ્વારા 'આઇડીયા પેટી' વિશે યોજાયેલા સેશનમાં રાઇટર એન્ડ મોટીવેશનલ સ્પીકર મુર્તઝા પટેલ દ્વારા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'સફળતા માટેના મોડર્ન માર્કેટીંગ આઇડીયાઝ – આઇડીયા પેટી' વિષય ઉપર સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે રાઇટર એન્ડ મોટીવેશનલ સ્પીકર મુર્તઝા પટેલ દ્વારા ઉદ્યોગ સાહસિકો તથા વિદ્યાર્થીઓને બિઝનેસમાં સફળ થવા માટે મોડર્ન માર્કેટીંગ સંબંધિત આઇડીયા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુર્તઝા પટેલે જણાવ્યું હતું કે, બિઝનેસમાં કઇ નવું ઇન્વેન્શન કરવા માટે ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ ઘણા બધા આઇડીયાઝ ઉપર કામ કરતા હોય છે. તેઓને ઘણા આઇડીયાઝ આવતા હોય છે. એમાંથી કેટલાક આઇડીયા આપણને ગમતા પણ હોય છે, પરંતુ ઘણા આઇડીયામાંથી કોઇ એક આઇડીયાને આપણે ગમી જતા હોઇએ છીએ ત્યારે એ જ આઇડીયા ઉપર ફોકસ કરીને મંડી પડીએ એટલે સફળતા હાંસલ થઇ શકે છે. જે આઇડીયા આપણને ઊંઘવા ન દે અને મોબાઇલના નોટિફિકેશનની જેમ વારંવાર આપણા વિચારોમાં આવ્યા કરતો હોય ત્યારે એ નોટિફિકેશનને સમજવાની ત્રેવડ ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓએ કેળવવાની છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તેઓને પણ ઘણા આઇડીયાઝ આવતા હોય છે. આઇડીયા પેટી તેમનામાં પણ ડેવલપ થઇ અને આ આઈડીયાને શેર કરવાનું તેમણે વિચાર્યું હતું. દરેક લોકો આઇડીયા પેટી છે પણ કોઇકના આઇડીયા પેટીના તાળાની ચાવી ખોવાઇ ગઇ છે તો કોઇકને તાળું ખોલવા માટે આળસ નડે છે. આપણી આઇડીયા પેટીને ખોલીશું તો જીવનમાં ચોકકસપણે પરિવર્તન લાવી શકીશું. સમયસર આવું નહી કરી શકીશું તો જીવનમાં કાયમ માટે વસવસો રહી જશે. આથી તમારામાં રહેલી આઇડીયા પેટીને શેર કરવાની છે અને પછી સેલીંગ કરવાની છે.

મોડર્ન માર્કેટીંગ આઇડીયાઝ વિશે તેમણે કહયું કે, મુશ્કેલી અને તકલીફોમાંથી બહાર નીકળવા માટેનું નિરાકરણ શોધશો તો તેમાંથી બહાર આવવાના રસ્તાઓ મળશે અને નવી દિશા મળશે. ફલેકસીબિલિટી, ફિઝીબીલિટી અને ફિકસાલિટી ઉપર કામ કરો તથા પોતાની સાથે બધાનું વિચારીને આગળ વધો. અંદર રહેલું પ્રોબ્લેમેટીક સોલ્યુશન પ્રેઝન્ટ કરો તેમજ તમારા તથા અન્યોના જીવનમાં ફેરફાર લાવો. તેમણે ઘણી સફળ વ્યકિતઓના દાખલા થકી ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓને સમજણ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઉપરોકત સેશનમાં ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. માનદ્ ખજાનચી પરેશ લાઠીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની એનઆરજી કમિટીના ચેરમેન કલ્પેશ લાઠીયાએ સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.